દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૧ વર્ષ
ગુરુવાર ૫ સપ્ટેમ્બર, ૨૦૨૪

વિશ્વની સરખામણીમાં ભારતમાં કર્મચારીની સુસ્તીની ટકાવારી કંપનીઓ માટે જોખમી

ભારતમાં જેમ વસતી વધારે છે તેમ નોકરીયાતોની સંખ્યા પણ વધારે છે. વિશ્વમાં કામના સ્થળે સુસ્તી તેમજ થાકનો અનુભવ કરતાં નોકરીયાતની ટકાવારી 48 ટકાની છે. પરંતુ ભારતમાં તે 58 ટકા છે. આ બતાવે છે કે ભારતમાં કામના સ્થળે માહોલ એવો છે કે જ્યાં નોકરી કરનાર વ્યક્તિને કામનો વધુ બોજનો અનુભવ થાય છે. વિશ્વની સરખામણીમાં આ ટકાવારી વધારે હોવાથી ભારત માટે તે ચિંતાજનક છે. કારણ કે જો નોકરીયાત કે અન્ય વ્યક્તિ કામના સ્થળે થાકનો અનુભવ કરશે તો તેની સીધી અસર ઉત્પાદનતા પર થશે. ફેડરેશન ઓફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ દ્વારા સંયુક્તરીતે તૈયાર કરવામાં આવેલા 'ઈન્ડિયા એચઆર રિવોલ્યુશનઃ બિલ્ડિંગ વર્કપ્લેસ ફોર ધ ફ્યુચર' અહેવાલમાં જણાવાયું છે કે, ધારણાથી વિપરીત, થકાવટ વધુ કામ કરવાને કારણે નહીં પણ તે સતત સહયોગ અને વાતચીતની વધતી જરૂરીયાતને કારણે છે. એટલે કે કામના સ્થળે એવો પોઝિટિવ માહોલ ઊભો કરવાની જરૂરીયાત છે કે જેને કારણે જે તે વ્યક્તિ કામનું પ્રેશરનો અનુભવ નહીં કરે. મુંબઈમાં આયોજીત ફિક્કી ઈનોવેશન સમિટ-2024 દરમિયાન આ અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો.

રિપોર્ટમાં વધુમાં એવું પણ જણાવવામાં આવ્યું છે કે, જો કોઈ વ્યક્તિના સહયોગીની સંખ્યા વધારે હોય તો તેનાથી તેનું તણાવનું સ્તર વધે છે. આનું કારણ એ છે કે તેને કોઈપણ કાર્ય પૂર્ણ કરવા માટે વધુ વાતચીતની પણ જરૂરીયાત ઊભી થાય છે. આ વાતચીત એવી હોય છે કે જે આમ તો સામાન્ય લાગે પરંતુ સાથે સાથે તેનાથી જે તે વ્યક્તિને કામનો બોજ અનુભવતો નથી. આવી વાતચીત નહીં થાય તો કર્મચારી સુક્ષ્મ તાણનો અનુભવ કરે છે અને તેને કારણે કર્મચારીઓને નોંધપાત્ર અસર થાય છે.

જો કર્મચારીને વધુ થાક લાગે તો તે ઉત્સાહિત રહેતો નથી અને તેને કારણે કામ ઓછું થાય છે. થકાવટ અને ઉત્સાહ વચ્ચે સીધો સંબંધ છે. જો કોઈ કર્મચારીને એમ ખબર પડે કે તેની સંસ્થા તેના કામમાં તેને મદદ કરવા માટે તૈયાર છે તો તેનો થાક ઓછો થઈ જાય છે. જે તે સંસ્થાએ આ માટે દરેક કર્મચારીની વાતને સાંભળવાની સાથે તેની ચિંતાનું નિરાકરણ પણ કરવું જોઈએ. જો આમ થાય તો

કર્મચારીમાં કામ કરવાનો ઉત્સાહ વધારે રહે છે.

જે તે કંપની કે સંસ્થાએ પોતાના કર્મચારીઓ વિશે ઊંડી સમજણ કેળવવાની જરૂરીયાત છે. જો આવું થાય તો કર્મચારીને ઉત્સાહિત કરી શકાય છે. કર્મચારીઓની લાગણી, તેમના કામના કલાકો સહિત વિવિધ બાબતોનો ખ્યાલ રાખવામાં આવે તો પણ તેનો ફાયદો સંસ્થાને મળી શકે છે. હાલના સંજોગોમાં જે તે સંસ્થા એચઆર પ્રક્રિયાઓમાં પણ જનરેટિવ એઆઈ દાખલ કરવા માટે પ્રયત્નો કરી રહી છે. આશરે 45 ટકા કંપનીઓ દ્વારા આ સિસ્ટમ અપનાવી પણ લેવામાં આવી છે. આ કંપનીઓ પૈકી 93 ટકા કંપનીઓ પોતાને ત્યાં કાર્યક્ષમતા સુધારવાની સાથે ઉત્પાદકતાને પણ વધારી રહી છે. થોડા સમય પહેલા સંસ્થાઓમાં કર્મચારીઓ માટે ટુરના આયોજનો પણ કરવામાં આવતા હતા. તેના પણ સારા પરિણામો મળી ચૂક્યા છે. જો વ્યક્તિ કામના દિવસોમાંથી વીકલી ઓફની સાથે સાથે સમયાંતરે વેકેશન લેતા રહે તો તેની કામની ક્ષમતામાં વધારો થાય છે.

જે તે સંસ્થાની સાથે સાથે કર્મચારીની પણ એ ફરજ છે કે, પોતાને સોંપાયેલા કામને યોગ્ય રીતે પુરૂં કરે. સાથે સાથે સંસ્થાની પણ એ ફરજ છે કે પોતાના કર્મચારીઓ માટે એવો માહોલ ઊભો કરે કે જેનાથી કર્મચારી પણ એક મોકળાશનો અનુભવ કરી શકે. કર્મચારી માટે યોગ્ય વાતાવરણની સાથે સાથે તમામ પ્રકારની સુવિધાઓ પણ જે તે કંપનીમાં હોવી જોઈએ. સંસ્થા દ્વારા કર્મચારીની મુશ્કેલી સમજવામાં આવે તો કર્મચારી સંસ્થાની પણ મુશ્કેલી સમજી શકે છે. આ અહેવાલે એક દિશાનિર્દેશ આપ્યો છે ત્યારે દેશમાં જો તમામ કંપની કે સંસ્થા દ્વારા આ મુદ્દે ધ્યાન અપાશે તો બની શકે છે કે કર્મચારી, કંપની અને સાથે સાથે દેશનો પણ વિકાસ થશે તે નક્કી છે.

ચર્ચાપત્ર

બળાત્કારના કિસ્સા

સાંપ્રત ઘટનાઓ, ભૂતકાલીન પણ હતી જ, જો કે થોડા સમય અગાઉ આપણે સૌ એવા સમાચારોથી પણ વાકેફ થયા હતા એ.. બહુગાજિત..બહુચર્ચિત મી ટુ (હું પણ..) અંતર્ગત યૌન શોષણ નો ભોગ બનનારી કંઈક કેટલીય મહિલાઓ , કુંવારીઓના (કહેવા ખાતર ની..) એક સાથે અવાજ માં ઊછાળો નોંધાયો હતો. ગુજરાતી માં કહેવાય છે કે,ગામ હોય ત્યાં ગંદકી રહેવાની જ (ઢોરવાડો) આમાં બધુ જ સરળતાથી સમજાય એમ છે. વિકસતા ભારત અને ગુજરાત - સુરત માં પણ એક સમયે જાતિય શોષણ ન થાય એ માટે જાહેર માર્ગ ઉપર જ ખાનગી બદકામ ની સંપૂર્ણ વ્યાવસાયિક ધોરણે પરાપર્વ થી એક પદ્ધતિઓ અમલમાં હતી,પરંતુ આશ્ચર્યજનક રીતે, એ બાબતે પણ હકીકતદોષ બની ગઈ અને આજે .. આખાય ગામ શહેર માં જાણે .. આંખ મિચામણા થતા હોય તેમ નવા અપડેટ મુજબ હેર કટિંગ સલૂન, બ્યુટી પાર્લરની, મસાજ પાર્લર ની આડશે ક્યાંક છડેચોક તો ક્યાંક ખાનગી રાહે , પોલીસ તંત્ર ના ભ્રષ્ટાચારી માનસ સાથે , મેળાપીપણામાં દેહવેપાર ફૂલતો જ રહેવા છતાંય એક પછી એક બળાત્કાર ના કિસ્સાઓ બહાર લાવવામાં આવે છે કે, અનાયાસ આવી જાય એને છાપે ચઢાવી .. દેહવિક્રિય ધંધા ના મિલીભગતના વેપારે ઢાંકપિછોડા થતાં હશે ?? ગમે તે કહો..ગમે એટલી હદ બાંધ્યેથી પણ પરાપર્વ થી બની રહેલા આવા જાહેર સામાજિક દૂષણો માટે હંમેશ એક હાથે તાળી પડતી નથી..નાની બાળાઓ ને ચોકલેટ ની લાલચ અને યુવતી કે, નોકરિયાત વર્ગ ની મહિલાઓ હોય કે,મહેનતકશ મજૂર બાઈઓ હોય કે, વિવિધ ખાનગી / સરકારી સંસ્થાઓમાં પણ કોઈ ને કોઈ લાલચે આવા પ્રકાર ના અનેકવિધ બળાત્કાર ના કિસ્સાઓ બહાર આવે પણ છે,અને કંઈક કેટલાય કિસ્સાઓ અંદરોઅંદર સેટલમેન્ટ ના કાવાદાવા થકી છુપાઈ પણ જતા જ હોય છે. પુરુષોની ભ્રમર વૃત્તિઓ અને સ્ત્રીઓ ની લાલચ વૃત્તિઓ પણ સરખામણીએ લગભગ એક સમાન છે.

સુરત - પંકજ શાંતિલાલ મહેતા

આપણા તહેવારો, શિક્ષણ સંસ્થાઓમાં ના મનાવાય તો સારુ લેખાશે

આપણે ત્યાં તહેવારો એક પછી એક આવ્યા જ કરતાં હોય છે. જેમ કે ઉત્તરાયણ, હોળી-ધૂળેટી, ગૌરી વ્રત, રક્ષાબંધન, ગોકુલાષ્ટમી, ગણપતિ ઉત્સવ, નવરાત્રી, અને દિવાળી વગેરે તહેવારો ઘેર અને સમાજમાં ધામધુમથી ઉજવામાં આવે છે. પણ હમણાં પાછલા સમયથી આ બધા તહેવારો, શાળા-મહાશાળામાં વિદ્યાર્થી જગત ઉજવવા લાગેલું છે. આ બધાં સમાજમાં ઉજવાતા તહેવારો, શિક્ષણ સંસ્થાઓમાં ઉજવાતા હોવાથી એટલો સમય પૂરતું વિદ્યાર્થીઓનું શિક્ષણ ખોરવાય છે. બાળકો શાળામાં શિક્ષણ લેવા જાય છે. અને શાળા-મહાશાળાઓનું કામ વિદ્યાર્થીઓને ભણાવવાનું છે, નહિ કે આવા તહેવારો ઉજવવા દઈને એમના શિક્ષણનો સમય બગાડવાનું. જોકે હાઈસ્કુલ અને કોલેજ લેવલે વિદ્યાર્થીઓ હવે શાળા અને કોલેજોના સંચાલકો તથા આચાર્યોને ગાંઠતા જ નથી. ઉપરવટ જઈને, તેઓ આવા તહેવોરો ઉજવવા નહિ પણ મસ્તી-મોજ કરવા માટે મનાવતા હોય છે. એમાં કોઈ ધાર્મિક ભાવના દેખાતી નથી. હવે ગણેશ ઉત્સવમાં પણ કેટલીક કોલેજોમાં, ગણપતિ બેસાડવામાં આવશે. અને દસ દિવસ ધમાલ અને મસ્તી થયા કરશે. આમ આપણા, ઉપર દર્શાવેલા દરેક તહેવારો શિક્ષણને ભોગે વિદ્યાર્થીઓ શાળા-મહાશાળાઓમાં ઉજવતાં હોય છે. આવા તહેવારો તો વિદ્યાર્થીઓ ઘરમાં, મંદિરોમાં કે શેરીઓમાં ઉજવી શકે છે. માટે શિક્ષણને ભોગે, આવા તહેવારો શિક્ષણ સંસ્થાઓમાં ના ઉજવાય એ શિક્ષણ અને વિદ્યાર્થીઓના જ હિતમાં લેખાશે.

સુરત - બાબુભાઈ નાઈ

5 સપ્ટેમ્બરઃ શિક્ષકદિન

સૌ પ્રથમ તો આજે 5 સપ્ટેમ્બર શિક્ષક દિન નિમિત્તે સૌ શિક્ષક ભાઈ-બહેનોને ખુબ ખુબ શુભેચ્છાઓ. ભારત દેશમાં તો મહાન ગુરુઓની પરંપરા રહી છે. ગુરુ વશિષ્ઠ, ગુરુ વિશ્વામિત્ર, ગુરુ દ્રૌણાચાર્ય, ગુરુસાંદીપનિ- અરે સાંદીપનિના શિષ્ય કૃષ્ણ પણ મહાન ગુરુ હતા. બુધ્ધ અને મહાવીર પણ મહાન ગુરુઓ હતા. આર્યભટ્ટથી માંડીને ડો.રાધાકૃષ્ણન અને ડો. અ.કલા.આઝાદ પણ મહાન શિક્ષકો હતા. શિક્ષણ એ જ્ઞાનાત્મક અને સંયોગાત્મક પ્રવૃત્તિ છે. જેમાં શિક્ષક અને વિદ્યાર્થી જ્ઞાન અને લાગણીના સેતુથી જોડાય છે. શિક્ષકે તેના વિદ્યાર્થીમાં રહેલા રસ-રુચિ, કૌશલ્યો અને વિશિષ્ટ છૂપી શક્તિઓને ઓળખીને તેને યોગ્ય દિશામાં માર્ગદર્શન આપવું જોએ. જેના દ્વારા વિદ્યાર્થી તેના જીવનનો રાહ નક્કી કરી શકે. આદર્શ શિક્ષકમાં ક્યા ગુણો હોવા જોઈએ? (1) વર્ગમાં જતા પહેલાં વિષયમાં સજ્જતા હોવી જોઈએ. (2) ક્ષમા- વિદ્યાર્થીઓ તો ભૂલ કરશે. તેમને માફ કરી દેવા જોઈએ. (3) કર્તવ્યઃ શિક્ષક કર્તવ્યનિષ્ઠ હોવો જોઈએ. (4) વાત્સલ્યઃ શિક્ષકે તો માતા જેવો પ્રેમ વિદ્યાર્થીઓને આપવો. (5) શિક્ષક વ્યસનથી મુક્ત હોવો જોઈએ. (6) શિક્ષકનું ચારિત્ર્ય શ્રેષ્ઠ હોવું જોઈએ. (7) શિક્ષકમાં કોઈ કોમી ભેદભાવ ન હોવો જોઈએ. (8) શિક્ષકને મન બધા જ સરખા હોવા જોઈએ. (9) હવે ઈન્ટેલીજન્સનો (AI) વ્યાપ વધી રહ્યો છે. શિક્ષકોએ AIનો શિક્ષણમાં કઈ રીતે ઉપયોગ કરવો તે દિશામાં વિચારવું જોઈએ. મોક્ષ મૂલમ. ગુરુકૃપા- ગુરુકૃપા હોય તો મોક્ષ પણ પ્રાપત થઈ શકે છે.

સુરત - ડો. કિરીટ એન. ડુમસિયા

સરકારની ગુલબાંગો વરસાદે પોકળ સાબિત કરી

છેલ્લાં થોડા દિવસોથી અવરિત પડી રહેલા ભારે વરસાદે ગુજરાતમાં તારાજી સર્જી છે! વડોદરા, રાજકોટ, જામનગર, દ્વારકામાં ભારે પૂર આવ્યું અને જન-જીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું! દર ચોમાસે રસ્તે પડતા ભૂવાળો અને ખાડાઓ ગુજરાતની જનતાને કોઠે પડી ગયા છે. એટલે એની અહીં ચર્ચા કરવી નથી! ચર્ચા કરવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટીની! અહીં પહોંચવાનો માર્ગ સદંતર ધોવાઈ ગયો છે વિચારો અહીં રસ્તા બનાવવામાં ગોબાચારી થઈ તો સામાન્ય રસ્તાની વાત તો દૂરની છે! રાજકોટના થોડા સમય પહેલાં જ તૈયાર થયેલા હીરાસર એરપોર્ટની દિવાલ ધારાશાયી થતા, સુરક્ષા સામે પ્રશ્નો ઊભા થયા! અહીં પણ ગોબાચારી! સરકારની અણઘડ નિતીએ વડોદરાવાળાને રીતસરના રડાવ્યા. વારંવાર વિશ્વામિત્રી નદીમાં પૂર આવવા છતાં, સૂચનો થવા છતાં, સરકાર ઉંઘતી રહી અને હવે જનતાનો આક્રોશ જોતા 1200 કરોડનો પ્રોજેક્ટ સૈધ્ધાંતિક મંજૂર ઉપર જ રહેશે એતો આવનાર સમય કહેશે! ધારાસભ્ય રિવાબાને બાદ કરતા એક પણ નેતાઓ કોઈ પણ શહેરમાં પાણી ભરાયેલ વિસ્તારોમાં દેખાયા નથી અને પાણી ઉતરી ગયા પછી આવતા જનતાએ આડે હાથે લીધા. ટૂંકમાં ગુજરાત મોડેલ, વિકસીત ગુજરાત અને ડબલ એન્જિન વાળી સરકારની ગુલબાંગો આ વરસાદે પોકળ સાબિત કરી દીધી છે!!

સુરત - ભાર્ગવ પંડ્યા

"રોટલા છાપ" ગુજરાત!

મહેનત પસીનાની કમાઈનો રોટલો હંમેશા મીઠો લાગે છે. દાલ-રોટી ખાઓ, પ્રભુ કે ગુન ગાઓ. (દાલબાટી ખાનાર પણ પ્રભુના ગુણ તો ગાઈ શકે છે.) દેશ તેવો વેશ અને દેશ તેવો ખોરાક. આપણે ત્યાં વિવિધ પ્રજા વિવિધ પ્રકારના રોટલા ખાતી જોવા મળે છે. મકાઈના રોટલા, બાજરીના રોટલા, જુવારના રોટલા, નાગલીના રોટલા, ચોખાના રોટલા વગેરે. કેટલાક લોકો મલ્ટીગ્રેન રોટલા પણ ખાય છે. વિવિધ પ્રકારનું અનાજ ભેળવીને તેના લોટમાં જીરૂ, મીઠું, હળદર નાંખીને બનાવેલો રોટલો ઉત્તમ પ્રકારનું પોષણ આપે છે. દેશ-કાળ પ્રમાણે ખોરાક લેવાથી લાભ મળે. એક ચટાકેદાર સ્વાદવાળો ઔષધિય ગુણયુક્ત ફુદિનાનો રોટલો ખાવા લાયક હોય છે. (વર્ષો પહેલાં ગામડામાં અમારા ઘરમાં આવા પ્રકારનો રોટલો વારંવાર બનતો.) ખાસ કરીને ચોમાસામાં થતી શરદી-તાવમાં તેનાથી ખૂબ ફાયદો થતો. તેમાં ફુદિનો, આદુ, લશણ, મેથી, કાંદો, રિંગ વગેરે નાંખીને બનાવતાં. ગરમાગરમ રોટલા પર તેલ ચોપડીને ખાવામાં લિજ્જત પડતી. વર્ષો પહેલાં શહેરોમાં રોટલો અછત જેવો ગણાતો. પરંતુ આજે શહેરોમાં અનેક કુટુંબ ખાય છે. નાના બાળક માટે ''ચાનકી'' (ખૂબ નાનો રોટલો ચાનકી તરીકે ઓળખાતો.) બનાવીને જીરૂ-મીઠું ભભરાવીને ઘી ચોપડીને ખાવા અપાતો. કાંદો, લસણ, રાઈ, મેથી વાળો છાસ નાંખીને વધારેલો રોટલો પણ સ્વાદિષ્ટ હોય છે. વાસી, ટાઢા રોટલા સાથે તાજું સફેદ માખણ કોઈ દિવસ ખાધુ છે?! ઉત્તર ગુજરાતના મગના રોટલાને કેમ ભૂલાય? ઉત્તર ગુજરાતમાં કેટલાક અંતરિયાળ ગામોમાં ખવાતો મગનો રોટલો ખૂબ સ્વાદિષ્ટ અને આરોગ્યપ્રદ હોય છે. ભરડેલા મગનો મશાલેદાર ગરમાગરમ રોટલો કાંદા સાથે ખાવાનો તમારા નસીબમાં હોય, તો એકાદવાર પૈસાની ચિંતા કર્યા વિના ઝાડ, યાન, જંગલની ટ્રીપ મારી આવજો...! સંભારણું બની જશે.

સુરત - રમેશ એમ. મોદી

કાયદાની ઐસીતૈસી. અદાલત અને ન્યાય પ્રક્રિયાની ઐસીતૈસી. માણસાઈ અને મર્યાદાની ઐસીતૈસી

તો શું માણસાઈ માણસ જોઈને અપનાવવાની ચીજ છે?

વાત પાછળની વાત

રમેશ ઓઝા

જ્યારે પોતાનાં પલડામાં પીડા આવે ત્યારે દયા માયા, કરુણા, ન્યાય, રહેમ અને માણસાઈની યાદ આવે અને જ્યારે પોતાનું પલડું ભારે થઈ જાય ત્યારે એ જ માર્ગ અપનાવતા શરમ પણ ન આવે

ન્યાય કે સજાના નામે બુલડોઝર ચલાવવાની નીતિ વિષે સર્વોચ્ચ અદાલતે જે કહ્યું છે એની વાત કરતાં પહેલાં વાચકોને મારી સલાહ છે કે યુટ્યુબ પર જઈને યોગી આદિત્યનાથનો ૧૨મી માર્ચ ૨૦૦૭ના દિવસે તેમણે લોકસભામાં કરેલા ભાષણનો વિડીયો જોઈ લે. એ સમયે મુલાયમ સિંહ યાદવ ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન હતા, કેન્દ્રમાં ડૉ. મનમોહન સિંહના નેતૃત્વમાં યુપીએની સરકાર હતી, યોગી આદિત્યનાથ ગોરખપુરથી ચૂંટાયેલા ભાજપના સંસદસભ્ય હતા અને સોમનાથ ચેટરજી લોકસભાના સ્પીકર હતા. ઝીરો અવરમાં યોગીએ ગળગળા થઈને બોલવાની મંજૂરી માગી હતી અને સોમનાથ ચેટરજીએ તમને હળવા કરવા "ખુલીને બોલો, જે કહેવું હોય તે કહો, સદન તમને સાંભળશે અને ઘટતું કરશે" એમ કહીને સધિયારો આપ્યો હતો.

એ પછી સુખદુઃખ જેનાં માટે સમાન છે એવા યોગી આદિત્યનાથે રડતા રડતા અને એક સમયે તો ધ્રુસકે ધ્રુસકે રડીને કહ્યું હતું કે તેઓ ત્રીજી વાર ગોરખપુરથી ચૂંટાયેલા સંસદસભ્ય છે, પરંતુ ઉત્તરપ્રદેશમાં મુલાયમસિંહ યાદવની સરકાર તેમને સતાવે છે. કોમી હુલ્લાડો કરાવવાના નામે તેમની ધરપકડ કરવામાં આવી, જેલમાં નાખવામાં આવ્યા, જામીન આપવામાં નહોતા આવતા વગેરે વગેરે. તેઓ એટલી પીડા અનુભવતા હતા કે અક્ષરસઃ ભાંગી પડ્યા હતા તે એટલે સુધી કે તેમની પાછળ બેઠેલા સંસદસભ્યએ તેમના ખભા પર હાથ મૂકીને અને વાંસા પર હાથ ફેરવીને સાંત્વન આપ્યું હતું. યોગી આદિત્યનાથે ડુંસકા ભરતા સ્પીકરને કહ્યું હતું કે મારું એન્કાઉન્ટર પણ થઈ શકે છે જે રીતે નક્સલીઓનું કરવામાં આવી રહ્યું છે. હવે તમે જ મારી રક્ષા કરી શકો એમ છો અન્યથા હું સંસદસભ્ય તરીકેનું મારું રાજીનામું આપી દઉં. તેમણે એમ પણ કહ્યું હતું કે હું તો સન્યાસી છું, બધી ચીજનો ત્યાગ કરીને આવ્યો છું.

આ ક્લીપ તમે તમારાં સગે કાને સાંભળી શકો છો અને લોકસભાની વેબસાઈટ પર જઈને એ દિવસનું યોગીજીનું આખું ભાષાણ સગી આંખે વાંચી શકો છો.

વાત આ છે. જ્યારે પોતાનાં પલડામાં પીડા આવે ત્યારે દયા માયા, કરુણા, ન્યાય, રહેમ અને માણસાઈની યાદ આવે અને જ્યારે પોતાનું પલડું ભારે થઈ જાય ત્યારે એ જ માર્ગ અપનાવતા શરમ પણ ન આવે. તો શું માણસાઈ માણસ જોઈને અપનાવવાની ચીજ છે? મારી સાથે બીજાએ માણસાઈ જાળવવી જોઈએ, પરંતુ મારો હાથ ઉપર હોય ત્યારે માણસાઈ ગઈ ભાડમાં. એમાં યોગી આદિત્યનાથ તો જન્મે ક્ષત્રીય છે, ધર્મે સંસારનો સર્વશ્રેષ્ઠ હિંદુ છે, કર્મે સન્યાસી છે અને ઉપરથી દેશ માટે જાન આપવા તત્પર ધગધગતો રાષ્ટ્રવાદી છે. આવો માણસ પામર મનુષ્યની માફક રડે? ક્ષત્રીયધર્મ, હિંદુધર્મ, સન્યાસધર્મ અને રાષ્ટ્રધર્મ રડતાં શીખવાડે છે? પણ ગોદી મીડિયા આમાં પણ શીર્ષાસન કરીને કહે છે કે એ દિવસે યોગી આદિત્યનાથે પ્રતિજ્ઞા કરી હતી કે એક દિવસ સત્તામાં આવીને હું તેમને ઈંટનો જવાબ પત્થરથી આપીશ. એવી કોઈ પ્રતિજ્ઞા એ દિવસે તેમણે તેમનાં ભાષણમાં તો કરી નહોતી. બહાર કરી હોય એવી પણ કોઈ વિડીયો ક્લીપ મળતી નથી. ઉલટું તેમણે તો સ્પીકરને કહ્યું હતું કે તમે મારી રક્ષા કરો અને નહીં તો હું લોકસભામાંથી રાજીનામું આપી દઉં. ભયગ્રસ્ત માણસની એ કાકલુદી હતી. હિંદુ રાષ્ટ્રવાદીઓ માટે આ કોઈ નવી વાત નથી.

આ વાત અહીં જરાક વિસ્તારથી કહેવાનો આશાય એ કે નરસિંહ મહેતાએ કહ્યું હતું એમ બીજાની પીડાને અનુભવી શકે એ સાચો વૈષ્ણવ. એ સાચો ઈશ્વરનિષ્ઠ. એ સાચો હિંદુ. એ સાચો માણસ. "પીડ પરાઈ જાણે રે..." બાકી તો પોતાની પીડા તો જાનવર પણ અનુભવે છે. માણસાઈનો માર્ગ ત્યાંથી ઉપર ઉઠવાનો છે.

યોગી આદિત્યનાથ ઉત્તરપ્રદેશના મુખ્ય પ્રધાન બન્યા ત્યારથી તેઓ "ગુનેગાર"ના ઘર પર બુલડોઝર ચલાવતા હતા. ૨૦૧૭ની સાલથી આની શરૂઆત થઈ હતી. પણ "ગુનેગાર" કોણ? એ જેને અમે ગુનેગાર માનતા હોઈએ. જો એ મુસલમાન હોય, જેણે હિંદુ સામે ગુનો કર્યો હોય, અથવા કમસેકમ કોઈ હિન્દુએ એવી ફરિયાદ કરી હોય અને અમારું હિંદુઓનું શાસન હોય તો એ "ગુનેગાર." આમાં કોરટ કચેરી, આરોપનામું, પૂરાવા દલીલોની જરૂર જ શું છે? એ મુસલમાન છે એ પૂરતું છે. ૨૦૧૭થી આ ચાલી રહ્યું હતું. આ બુલડોઝર ન્યાય ભાજપ શાસિત અન્ય રાજ્યોનાં મુખ્ય પ્રધાનોએ પણ અપનાવ્યો હતો. સમર્થકો કિકિયારીઓ પાડી પાડીને ૨૦૦૭માં લોકસભામાં રડીને રક્ષણ માગનારા મુખ્ય પ્રધાનની બહાદૂરીને વધાવતા હતા. તેમને બુલડોઝર બાબા તરીકે પૂજવામાં આવે છે.

જે વિરોધ કરતા હતા એ દેશદ્રોહીઓ હતા અને એવા દેશદ્રોહીઓનાં મકાન પર પણ બુલડોઝર ચલાવવામાં આવ્યા. એ પછી આખા જગતમાં હંમેશા બને છે એમ ઉત્તરપ્રદેશમાં પણ બનવા લાગ્યું. કાશીનગરીને શણગારવા માટે કાશી કોરીડોર અને ગંગાઘાટોનું સુશોભિકરણ કરવા વચ્ચે આવતાં મકાનો અને મંદિરો ધ્વસ્ત કરવાનું શરુ થયું. અયોધ્યા અને પ્રયાગરાજમાં એવું બનવા માંડ્યું. નોએડા, ગાઝિયાબાદ અને અન્યત્ર જ્યાં પ્રોપર્ટીમાં મોટી કમાઈ છે ત્યાં આવું બનવા લાગ્યું. અહીં જેનાં મકાન ધ્વસ્ત કરવામાં આવતાં હતાં એ મુસલમાન નહોતા, મોટાભાગના હિંદુ હતા. રેલો હિંદુઓની નીચે આવ્યો ત્યારે તેમને બુલડોઝર રાજનો ચહેરો સમજાયો. અયોધ્યામાં લોકસભાની ચૂંટણીમાં ભાજપનો પરાજય થયો અને વારાણસીમાં વડા પ્રધાન માંડ હારતા હરતા બચ્યા. હદ તો ત્યારે થઈ કે બનારસમાં નવા બનાવવામાં આવેલા નમો ઘાટને શણગારવા બાજુમાં આવેલા સર્વ સેવા સંઘનો કેમ્પસ છીનવી લીધો અને મકાનો તોડી નાખ્યાં. વિનોબા ભાવે, ડૉ રાજેન્દ્ર પ્રસાદ અને લાલ બહાદુર શાસ્ત્રી પર આરોપ મૂકવામાં આવ્યો કે તેમણે નકલી દસ્તાવેજો બનાવીને રેલવેની જમીન પર કબજો કર્યો હતો.

કાયદાની ઐસીતૈસી. અદાલત અને ન્યાય પ્રક્રિયાની ઐસીતૈસી. માણસાઈ અને મર્યાદાની ઐસીતૈસી. આની શરૂઆત ૨૦૧૭માં થઈ હતી જેની નોંધ સર્વોચ્ચ અદાલતે ૨૦૨૪માં લીધી. અને એ પણ માત્ર અભિપ્રાય આપ્યો છે કે આ ખોટું છે. અદાલતે કહ્યું છે કે આરોપી શું, ગુનેગારનું મકાન પણ ન તોડી શકાય. બહુ સરસ વાત છે, આનું સ્વાગત કરીએ પણ કાયદો હાથમાં લેનારાઓને સજા કરી? પોલીસને આદેશ આપ્યો કે મકાન તોડવાની ઘટનાઓની તપાસ કરીને આરોપીઓ સામે આરપનામું દાખલ કરે? આ કોણ કરશે અને આ કોનું કામ છે? જો અદાલતે ૨૦૧૭ની સાલમાં કાયદાની, ન્યાયની અને ન્યાયપ્રક્રિયાની ઐસીતૈસી કરનારાઓની બોચી પકડી હોત તો? આપણે આપણી ઐસીતૈસી કરાવીએ ત્યાં બીજાનો શું વાંક? ચૂંટણીપંચની પણ આ જ હાલત છે.

એક વાત લખી રાખજો. મોકો જોઈને નબળાને રંજાડવાનું કૃત્ય એ જ કરે જે ડરપોક હોય અને એટલે જ્યારે પોતાના પર આવે ત્યારે રડે અને યાચના માગે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

કાનની આ સમસ્યા બાબતે આપણે કાન પકડીશું ખરા?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

ડી.જે.સાઉન્ડન બીજાને તો ઠીક, સૌથી પહેલું નુકસાન ખુદ આપણને કરે છે. જનતામાં લોકશાહીની સમજણનો આ પણ એક માપદંડ ગણી શકાય

ભગવાન બુદ્ધ અને કિસા ગોતમીની વાત અતિ જાણીતી અને જીવનના અર્કરૂપ છે. કિસાના નાનકડા પુત્રનું મૃત્યુ થાય છે. એનાથી બેબાકળી બનેલી કિસા બાળકને સજીવન કરે એવા કોઈક ઔષધની શોધમાં ઠેરઠેર ભટકે છે. આખરે એક બૌદ્ધ ભિક્ષુ એને ગૌતમ બુદ્ધ પાસે મોકલે છે. કિસાની વિગત જાણીને ગૌતમ બુદ્ધ કહે છે કે પોતે એ બાળકને સજીવન કરશે. એ માટે જરૂર પડશે થોડી રાઈની. પણ રાઈ એવા ઘેરથી લાવવાની કે જે ઘરમાં કોઈનું મૃત્યુ ન થયું હોય. પુત્રવિરહમાં પાગલ બનેલી કિસા ઘેરઘેર ભટકે છે, પણ એક ઘર એને એવું મળતું નથી કે જ્યાં કોઈનું મૃત્યુ ન થયું હોય. આવા શોકના સમયે મૃત્યુનું અફરપણું કિસાને સમજાવવા માટે ગૌતમ બુદ્ધે આગવી રીતે ઊપાય વિચાર્યો.

સદીઓ પુરાણી આ વાતને વર્તમાનમાં યાદ આવવાનું કારણ? એના માટે ઑગષ્ટ, 2024ના પ્રથમ સપ્તાહમાં બનેલી એક દુર્ઘટના વિશે જાણવું જરૂરી છે. મધ્ય પ્રદેશના સાગર જિલ્લામાં આવેલા શાહપુર ગામના હરદૌલ મંદિરમાં પાર્થિવ શિવલિંગ નિર્માણનું કાર્ય ચાલી રહ્યું હતું. ભાગવત કથાનું પણ આયોજન હતું. રવિવાર હોવાથી અનેક બાળકો અહીં ઉપસ્થિત હતાં. અચાનક મંદિરના સંકુલને અડકીને આવેલા એક જર્જરિત મકાનની દીવાલ ધસી પડી. અનેક બાળકો કાટમાળ નીચે દબાયાં,ફસાયાં. એમાંથી નવ બાળકો ત્યાં ને ત્યાં જ મૃત્યુ પામ્યાં. બીજા ચારેકની હાલત અતિ ગંભીર છે. આ દીવાલ તૂટી શાથી? એના માટે મંદિરના પરિસરમાં જોરશોરથી વાગી રહેલા ડી.જે.સાઉન્ડા સિસ્ટમને કારણભૂત માનવામાં આવે છે. આમ પણ સતત વરસાદને કારણે દીવાલ પાયામાંથી નબળી પડી ગઈ હશે, અને અતિશય મોટા સૂરે વાગી રહેલા ધ્વનિથી પેદા થતી ધ્રુજારી સામે આ જર્જરિત દિવાલ ઝીંક ઝીલી શકી નહીં. મૃત બાળકો આઠથી પંદર વર્ષની વયનાં હતાં.

તંત્ર દોડતું થયું. મુખ્ય પ્રધાને પ્રત્યેક મૃતકના પરિવારને ચાર લાખનું વળતર આપવાની જાહેરાત કરી. જિલ્લા કલેક્ટર અમે પોલિસ વડા સહિત અન્ય અધિકારીઓની બદલી કરી દેવામાં આવી છે. મકાનમાલિક અને ધાર્મિક કાર્યક્રમના આયોજકો સામે ફરિયાદ નોંધાવાઈ છે. આ ફરિયાદમાં કઈ કલમ લગાડવામાં આવે છે એ જોવું રહ્યું, કેમ કે, કેવળ ધ્વનિ પ્રદૂષણના કાનૂનભંગની કલમ લગાવવામાં આવે તો એમાં દંડ ભરવાનો આવે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બૉર્ડ દ્વારા વિવિધ વિસ્તારો માટે તેમજ સમયાનુસાર ઘોંઘાટની તીવ્રતાની માત્રા નિર્ધારીત કરાયેલી છે. અત્યાર સુધી વાયુ (પ્રદૂષણ નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ, 1981માં ધ્વનિ પ્રદૂષણને લગતી બાબતોનો સમાવેશ કરાયેલો હતો. હવે તેના માટે અલાયદો ધ્વનિ પ્રદૂષણ (નિયમન અને નિયંત્રણ) નિયમ, 2000 અમલી કરવામાં આવ્યો છે.

નિવાસી વિસ્તારોમાં દિવસ દરમિયાન આ માત્રા 55 ડેસિબલની અને રાત માટે 45 ડેસિબલની છે. આની સામે વાસ્તવિકતા એ છે કે સામાન્ય સંજોગોમાં પણ ડી.જે. સાઉન્ડવ દ્